ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૯/૨૨-૨૩/ 3119 તારીખ : 28 SEP 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા,**
**મું. કરીયાણા, તા.બાબરા,**
**જી.અમરેલી.**

કેસ નં.૨૯/૨૨-૨૩

**મો.નં– ૭૩૫૯૦ ૪૨૯૮૫**

**વિષય : પાવરચોરીમાં પકડાયેલ વિજ મીટર પુનઃસ્થાપિત કરવા અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૭/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૭/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૨-૨૩/૨૩૬૬ તા.૨૦/૦૭/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૨-૨૩/૨૬૧૦ તા.૧૭/૦૮/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૨-૨૩/૨૮૩૭ તા.૦૯/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.30/0૮/૨0૨૨ અને તા.૧૯/૦૯/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **અમરેલી.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બાબરા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૯/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૩૦/૦૮/૨૦૨૨ અને તા.૧૯/૦૯/૨૦૨૨** ◈

**હાજર રહયા :– શ્રી વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા (વાદી પોતે)**

**પ્રતિવાદી :– શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા, મું.કરીયાણા, તા.બાબરા,જી.અમરેલીની પાવરચોરીમાં પકડાયેલ વિજ મીટર પુનઃસ્થાપિત કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૨–૨૩/૨૩૬૬ તા.૨૦/૦૭/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૩૦/૦૮/૨૦૨૨ તથા તા.૧૯/૦૯/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા તા.૩૦/૦૮/૨૦૨૨ ની મુદતમાં ગેરહાજર રહેલછે અને તા.૧૯/૦૯/૨૦૨૨ની મુદતમાં હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર ઉપરોકત સરનામે રહીએ છીએ. અમારૂં ઉપરોકત ઘર વપરાશનું વિજ કનેકશન નું પાવર રોડ ટચ આવેલ હતું. અમો આ વિજ કનેકશન ના ઉપયોગ છેલ્લા ૫(પાંચ) વર્ષથી કરતા હતા.

૧.૨ આ વિજ કનેકશનમાં પાવર ચોરીનો કેસ થતાં, અમો બાબરા પીજીવીસીએલ તરફ નાણાં ભરવાની નોટીસ આવેલ. તે રકમ અમોએ આશરે સાત માસ પહેલા ભરી આપેલ છે. વિજ કનેકશનનું લેણું અમારી પાસે બાકી નથી. આ વિજ પુનઃસ્થાપિત મૂળ જગ્યાએ કરવા અવારનવાર મૌખિક રજૂઆત કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

૧.૩ અમો જે ઘર વપરાશનું વિજ કનેકશનનો ઉપયોગ કરતા હતા તે વિજ કનેકશન વાળી મિલ્કત અમારા નામે ચાલતી નથી. પરંતુ, આ જગ્યા ઉપર અમારો વર્ષોથી કબ્જો છે. આ જગ્યા બાબત કોઈપણ પ્રકારનો વિવાદ કનેકશન આપવા સંબંધે કે પાછળથી ઉભું થશે તો, તેની અમારી તમામ જવાબદારી રહેશે. સામાવાળા કહે તો, અમો રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ લખાણ કે કરાર કે સંમતિ જે પ્રવર્તમાન જોગવાઈ મુજબ અમો લખી આપવા સંમત છીએ.

ઉપરોકત આ અમારી પેરાવાઈઝ રજૂઆત ધ્યાને લઈને અમોને જે સ્થળે વિજ કનેકશન ઘર વપરાશ માટે આપવામાં આવેલ તે જ સ્થળ અમોને વિજ કનેકશન આપવા હુકમ કરવા અરજ કરૂં છું.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર કરીયાણા ગામે રહે છે. તેઓ વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા ના નામે ગ્રાહક નં–૮૪૧૧૨૦૧૪ ૬૪૩ થી ઘર વપરાશનું વિજ જોડાણ ધરાવે છે. સદર વિજ જોડાણ ગ્રાહક દ્વારા આપવામાં આવેલ આધાર પુરાવા મુજબ ગામના નમૂના નં–૮ ના ઉતારા મુજબ બાબરા રોડ, પ્લોટ વિસ્તાર, પૂર્વ દિશામાં કરીયાણા ગામમાં કાચા મકાનમાં વિજ કનેકશન આપવામાં આવેલ હતં. પરંતુ, તા.૨૨/૧૧/૨૦૨૧ ના રોજ બાબરા શહેર પેટા વિભાગીય કચેરીના ઈજનેર દ્વારા વિજ જોડાણ ની તપાસણી કરતા, ગેરરીતી માલૂમ પડેલ તેમજ સ્થળ પરથી મીટર સર્વિસ ઉતારી પાવર સપ્લાય બંધ કરેલ. તેમજ ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ પાવરચોરીનું પુરવણી બિલ રકમ રૂા.૨૪૭૯/૩૨ નું આપવામાં આવેલ. જે ગ્રાહક દ્વારા પાવર ચોરી પુરવણી બિલ ની રકમ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરી આપેલ.

તેમજ ચેકીંગ સમયે માલૂમ પડેલ કે, સદર વિજ જોડાણ તેઓને ઘર વપરાશ હેતુ માટે આપવામાં આવેલ તે વિજ જોડાણ હેતુ ફેર કરી, ખેતીવાડી વિસ્તારમાં ઘર વપરાશ હેતુ તેમજ ખેતીવાડી પિયત હેતુ માટે ઉપયોગ કરતા હોવાના કારણે રજૂ કરેલ દસ્તાવેજી કાગળો તથા વપરાશની જગ્યા બંને અલગ હોવાના કારણે તેમજ સદર જગ્યા ડેમ ના ડૂબાણમાં હોવાને લીધે મીટર પુનઃ સ્થાપિત કરેલ નથી. જે અંગેની જાણ ગ્રાહકને સંદર્ભ–૩ થી બાબરા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ. આમ, સદર જગ્યા ડેમના ડૂબાણમાં હોવાના લીધે મીટર પુનઃસ્થાપિત કરી શકાય તેમ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી વિરજીભાઈ ભીમાભાઈ મકવાણા, મું.કરીયાણા,તા.બાબરા ખાતે ગ્રાહક નં–૮૪૧૧૨/ ૦૧૪૬૪/૩ થી ઘર વપરાશનું કનેકશન ધરાવતા હતા. જે પ્રતિવાદીની કચેરી દ્વારા પાવરચોરીનું બિલ ભરી આપવા છતાં, ફરીથી કનેકશન ન લગાવી આપવા બાબતની તકરાર નો મુદો ઉપસ્થિત થતા, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ તા.૩૦/૦૮/૨૦૨૨ ની પ્રથમ સુનાવણીમાં વાદી ગેરહાજર રહેતા, ફોરમ દ્વારા તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ બીજી સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં, આજરોજ બંને પક્ષો હાજર છે તેમજ પોતાની રજૂઆતો કરેલ છે.

...ce Redres... V.C.L. ...vnagar

૩.૩ બંને પક્ષોની રજૂઆતો સાંભળી દસ્તાવેજો જોતા, ફોરમને જણાય છે કે, પ્રતિવાદીની કચેરી દ્વારા વાદીને આપવામાં આવેલ વીજ જોડાણ શરૂઆત થી જ ખોટી જગ્યાએ એટલે કે ડૂબની જમીન પર અપાયેલ હોવાનું સાબિત થાય છે.અરજદાર પાસેથી પુન: જોડાણ કરતા અગાઉ સલગ્ન પેટાવિભાગ દ્વારા માલિકી હક્ક ના પુરાવા માંગવામાં આવેલ છે જે ઉચિત છે પરંતુ હવે વાદી આ પુરાવા રજુ કરી શકવા સમર્થ નથી કારણકે તેઓ જગ્યાના માલિક નથી. આ સંજોગોમાં સદર ગ્રાહક નંબર વાળું વીજ જોડાણ તેમને છેલ્લી નોટીસ આપેલ તે સમય મર્યાદા સુધી નું ન્યૂનતમ બીલ વસુલ કરીને કાયમી ધોરણે બંધ કરવું.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, જો વાદી હાલની જગ્યાની માલીકી હકકના આધાર પુરાવા રજૂ કરે તો, પ્રતિવાદીએ નિયમોનુસાર કનેકશન આપવાની કાર્યવાહી કરવી.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.3 અને ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૧૯/૦૯/૨૦૨૨.